# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા:૦૯–૦૩–૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ધ્વારા 'પીપલ ડ્રિવન સકસેસ' વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે **'પીપલ ડ્રિવન સકસેસ'** વિશે એક વાર્તાલાપ સાયન્સ સેન્ટર સિટી લાઈટ રોડ,સુરતમાં યોજાયો હતો.

આ વાર્તાલાપમાં મુખ્યવકતા તરીકે હૈદરાબાદના આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત મોટીવેટર શ્રી આર.સુનિલ કુમાર સફળતાના ગુરૂમંત્ર સમાન વિવિધ મહત્વના મુદદાઓ વિશે આગવીશૈલીમાં સમજ આપી હતી.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી ડૉ. અજોય ભટ્ટાચાર્યએ સ્વાગત વકતવ્યમાં કહયું હતું કે,ભારતમાં સ્કીલ ડેવલપમેન્ટને હવે વેગ મળી રહયો છે.આવનારા દિવ્સોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જે ચલણ વધુ મજબૂત હશે એ ઈકોનોમિક કરન્સી તરીકે ઓળખાશે અને એ સ્કીલ હશે.એ વિશે વધુ જાગૃત થવાનો સમય આવી ગયો છે.આજનો સેમિનાર એની શરૂઆત બની રહે એવી અપેક્ષા છે.

ચેમ્બરના ઉપપ્રમુખશ્રી રોહિત મહેતાએ સેમિનારના મુખ્ય વકતા શ્રી આર.સુનિલ કુમારનો પરિચય આપતા કહયું હતું કે,આ એક એવા વકતા છે જે ઘણા સફળ વ્યકિતઓનું જીવન બદલી શકયા છે.વ્યકિતત્વ ઘડતર અને મોટીવેશનના ક્ષેત્રમાં એમનું યોગદાન ખૂબ જ મોટું છે. સફળતા મેળવવા માટેની ગુરૂચાવીઓ બતાવનારા તેમના અનેક પ્રકાશનો ઉપલબ્ધ છે.અનેક મોટી સંસ્થાઓ ઘ્વારા તેમના માર્ગદર્શક વકતવયોનુ આયોજન થતું રહે છે.

સેમિનારના મુખ્ય વકતા શ્રી આર.સુનિલ કુમારે વકતવ્યના આરંભમા જીવનમાં સફળતાના મહત્વને સમજાવતાં કહયું હતું કે,દરેક માટે સફળતા શકય છે.જરૂર છે તો માત્ર એ વિશેની ઈચ્છાશકિતને ઓળખવાની,એને પ્રબળ બનાવવાની અને જીવનના મુખ્ય લક્ષ્યને નકકી કરવાની.પ્રયાસ કર્યા બાદ નિષ્ફળ થવાય એ સમજી શકાય એવી વાત છે પણ પ્રયાસ કરવામાં નિષ્ફળ રહીએ એ માની ન શકાય એવી વાત છે.સફળતા મેળવવા માટે ઈચ્છાશકિત,સખત મહેનત કરવાની તૈયારી,નિડરતા અને તકને ઝડપી લેવાની તત્પરતા ખૂબ મહત્વની બાબત છે.આજનો યુગ એ ઝડપનો યુગ છે એટલે એની સાથે તાલ મેળવવા આપણે તૈયારી રાખવી પડશે.

વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માહોલને સમજાવતા તેમણે કહયું હતું કે,જો આપણે પોતાની સાથે હરિફાઈમાં ઉતરી શકીશું તો જ આપણે દુનિય સાથે સ્પર્ધામાં ઉતરી શકીશું.વૈશ્વિક સ્તરે હવે ગુણવત્તાનું મહત્વ વધી રહયું છે ત્યારે આપણે પણ એને મહત્વ આપીને એની સ્પર્ધામાં પણ આગળ રહેવું પડશે.આજની દુનિયાને સમજવા માટે દુનિયાની બધી ભાષાઓ સમજવી જરૂરી છે.પરિવર્તન દુનિયાનો નિયમ છે.એક સમયે એક રૂમ જેટલુ મોટુ કોમ્પ્યૂટર આજે હથેળીમાં સમાઈ શકે છે એ એનું સૌથી મોટુ ઉદાહરણ છે.જો આપણે આપણી જાતને બદલવા તૈયારી નહીં બતાવીશું તો આપણે વૈશ્વિક સ્પર્ધામાં કયારેય ટકી નહીં શકીશું.

આપણે સફળતા ઈચ્છીએ છીએ,આપણે નવા નવા ગોલ નકકી કરીએ છીએ પણ આપણી કામ કરવાની પઘ્ધતિ બદલતા નથી.લાંબા ગાળાના ગોલ નકકી કરતી વખતે એમાં પણ સુધારાની શકયતા રાખવી જોઈએ અને અનુરૂપ પ્રયાસોની તૈયારી પણ રાખવી પડશે.શ્રોતાઓ સાથે વાતચીતના રૂપમાં તેમણે ઘણી બાબતો સરળતાથી સમજાવી હતી.

કાર્યક્રમના અંતે ગ્રુપ ચેરમેનશ્રી ધીરેન થરનારીએ આભારવિધિ આટોપી હતી.